એમ.એ. ગુજરાતી (બાળ અને બાળસાહિત્ય વિદ્યાશાખા)

M.A. Sem-I

MAGC 101 ગર્ભ વિજ્ઞાન અને તેજસ્વી બાળક
MAGC 102 અર્વાચીન ગુજરાતી કવિતા (સુધારકયુગ, પંડિતયુગ અને ગાંધીયુગ)
MAGC 103 ભારતીય સાહિત્યમીમાંસા
MAGE 111 મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય
MAGE 112 પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ (મધ્યકાલીન અને અર્વાચીન)
MAGE 113 ગુજરાતી લોકવિદ્યા અને લોકસાહિત્ય
MAGF 121 સાહિત્ય અને પત્રકારત્વ
MAGF 122 કમ્પ્યૂટર : પાયાની જાણકારી
MAGF 123 સામાન્યજ્ઞાન : ગુજરાત

M.A. Sem-II

MAGC 201 બાળવિજ્ઞાન અને બાળવિકાસ
MAGC 202 અર્વાચીન ગુજરાતી કવિતા – સ્વરૂપ અને વિકાસ (અનુગાંધીયુગ, આધુનિકયુગ અને અનુઆધુનિકયુગ)
MAGC 203 પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા
MAGE 211 ભારતીય સાહિત્ય
MAGE 212 મધ્યકાલીન ગુજરાતી ગ્રંથકારનો અભ્યાસ (ભાલણ)
MAGE 213 અર્વાચીન ગુજરાતી ગ્રંથકારનો અભ્યાસ (રઘુવીર ચૌધરી)
MAGF 221 સામાન્યજ્ઞાન : ભારત
MAGF 222 કમ્પ્યૂટર : ઓપરેટિંગ સિસ્ટમ અને વિકાસ
MAGF 223 પ્રૂફરીડિંગ

M.A. Sem-III

MAGC 301 ગુજરાતી બાળસાહિત્ય સંકલ્પના, સ્વરૂપ અને વિકાસ
MAGC 302 અર્વાચીન ગુજરાતી ગદ્ય : સ્વરૂપ અને વિકાસ (સુધારકયુગ, પંડિતયુગ અને ગાંધીયુગ)
MAGC 303 વિશ્વસાહિત્ય
MAGE 311 સાહિત્ય અને સિનેમા
MAGE 312 અનુવાદવિજ્ઞાન અને અનુવાદિત સાહિત્ય
MAGE 313 આદિવાસી લોકસાહિત્ય
MAGF 321 સામાન્યજ્ઞાન : વિશ્વ, ભાગ - ૧
MAGF 322 કમ્પ્યૂટર : ઈન્ટરનેટ અને વેબસર્ફિંગ
MAGF 323 સાહિત્ય અને અન્ય શાસ્ત્રો

M.A. Sem-IV

MAGC 401 વિવેચનના અભિગમો અને ગુજરાતી વિવેચન વિચાર
MAGC 402 અર્વાચીન ગુજરાતી ગદ્ય : સ્વરૂપ અને વિકાસ (અનુગાંધીયુગ, આધુનિકયુગ અને અનુઆધુનિકયુગ)
MAGC 403 ભાષાવિજ્ઞાન
MAGE 411 તુલનાત્મક સાહિત્ય
MAGE 412 સાહિત્યનું સમાજશાસ્ત્ર
MAGE 413 લઘુશોધનિબંધ
MAGF 421 સામાન્યજ્ઞાન : વિશ્વ, ભાગ - ૨
MAGF 422 કમ્પ્યૂટર : સોફ્ટવેર અને એપ્લિકેશન સમજ
MAGF 423 યોગવિજ્ઞાન

અભ્યાસક્રમની માહિતી

અભ્યાસક્રમ	પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત	સમયગાળો	અભ્યાસ ફી	
			ભાઈઓ	બહેનો
M.A.	B.A. Gujarati	૨ વર્ષ	૨૨૫૦/-	૧૮૦૦/-
Ph.D.	M.A. Gujarati	૩ વર્ષ	૧૦૦૦૦/-	૭૫૦૦/-
Proof Reading (Certifcate Couse)	Std. 10 અથવા સમકક્ષ	૬ મહિના	૧૫૦૦/-	૧૧૫૦/-

પ્રવેશ અને અન્ય વિગત માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in ની મુલાકાત લેવા વિનંતી છે.

DEPARTMENT OF GUJARATI

:: સ્ટાફ પરિચય ::

પ્રો. ભાવેશ જેઠવા
પ્રોફેસર અને અધ્યક્ષ
M.A., NET, Ph.D.
શૈક્ષણિક કાર્યનો અનુભવ : ૧૧ વર્ષ

ડૉ. પ્રશાંત પટેલ
એસોસિયેટ પ્રોફેસર
M.A., M.Phil., NET, Ph.D.
શૈક્ષણિક કાર્યનો અનુભવ : ૧૨ વર્ષ

ડો. સંજય પટેલ
આસિસ્ટંટ પ્રોફેસર
M.A., B.Ed., M.Phil., NET, Ph.D.
શૈક્ષણિક કાર્યનો અનુભવ : ૭ વર્ષ

ગુજરાતી વિભાગ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

Children's University
તેજસ્વી બાલક : તેજસ્વી ભારત

તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે

ઉપલબ્ધ અભ્યાસક્રમો

- એમ.એ. (ગુજરાતી) (બાળ અને બાળસાહિત્ય વિદ્યાશાખા)
- પીએચ.ડી. (ગુજરાતી)
- પ્રૂફરીડિંગ (પ્રમાણપત્ર અભ્યાસક્રમ)

:: સંપર્ક ::

અનુસ્નાતક ગુજરાતી વિભાગ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક,
સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯
વેબસાઈટ : www.cugujarat.ac.in
ઈમેઈલ : vccu.gujarat@gmail.com

ગુજરાતી વિભાગ વિશે :

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કેન્દ્રવર્તી વિચારને વધુ કાર્યાન્વિત કરવા માટે વર્ષ, ૨૦૨૦થી સ્કૂલ ઑફ લેંગ્વેજ અને લિંગ્વિસ્ટિક્સ અંતર્ગત ગુજરાતી વિભાગનો આરંભ કરવામાં આવ્યો છે. આપણી અત્યારની શૈક્ષણિક પરંપરાથી થોડા વિશિષ્ટ બનીને ગુજરાતી વિષય દ્વારા સાહિત્ય, સમાજ, રાષ્ટ્રનું ઉત્તમ ઘડતર કરી શકે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકોનું નિર્માણ થાય તેવા ઉમદા ભાવ સાથે વિભાગનો આરંભ થયો છે. આપણે ત્યાં બાળસાહિત્ય અને તેના વિકાસ માટે સમયે-સમયે ચિંતા પ્રગટ કરવામાં આવી છે, પરંતુ ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્યનો જે રીતે વિકાસ થવો જોઈએ તે થયો નથી. આપણે ત્યાં મજબૂત રાષ્ટ્રના કેન્દ્રમાં બાળકની સંકલ્પના કરવામાં આવી છે. જો બાળકનું બાળપણ ઉત્તમ કથા, કાવ્યો, સાહિત્યના સંસર્ગમાં પસાર થાય તો બાળકનું સરસ મજાનું ઘડતર થઈ શકે તે વાત નિર્વિવાદ છે. માટે આપણે ત્યાં બાળસાહિત્યનું ઉત્તમ સર્જન થાય, વિકાસ થાય તે માટે આ વિભાગ કાર્ય કરશે. આ માટે થઈને શિક્ષણ, સંશોધન અને પ્રકાશન એવા મુખ્ય ત્રણ પાસાંઓ પર ભાર મુકાશે. વિભાગના આ ત્રણ પાસાંને સાકાર કરવા આ વર્ષથી જ એમ.એ. ગુજરાતી નો આરંભ કરવામાં આવ્યો છે. સમગ્ર ભારતભરમાં બાળ, બાળસાહિત્યને કેન્દ્ર બનાવીને તૈયાર થયેલો આ એક માત્ર અભ્યાસક્રમ છે, જેમાં પદવી તો ગુજરાતી ભાષાસાહિત્યની પ્રદાન થશે પણ વિદ્યાર્થીને બાળ અને બાળસાહિત્યના અભ્યાસનો વિશેષ લાભ મળશે. પરિણામે આપણે ત્યાં બાળસાહિત્યની દિશામાં સર્જન કરી શકે, અભ્યાસ-સંશોધન કરી શકે તેવી એક નૂતન પેઢીનો ઉદય થશે. ગુજરાતી સાહિત્યમાં, બાળસાહિત્યમાં સંશોધન થાય તે માટે વિભાગમાં એમ.એ. અને પીએચ.ડી.ના અભ્યાસક્રમો કાર્યરત છે. તો વિદ્યાર્થીઓમાં શુદ્ધ ભાષા પ્રત્યેનો ઉત્કૃષ્ટ અભિગમ કેળવાય તે માટે ગુજરાતી પ્રૂફરીડિંગનો એક પ્રમાણપત્ર અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. આમ, વિશ્વની અજોડ એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના આ વિશિષ્ટ અભ્યાસક્રમો દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યનું અને ગુજરાતની આવનાર પેઢીનું ઉત્તમ ઘડતર થાય તે માટે વિભાગ પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશે :

અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય સેવતી ગાંધીનગર સ્થિત આ યુનિવર્સિટી દેશ અને દુનિયાની એક અજોડ યુનિવર્સિટી છે. આપણા પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા ત્યારે તેમના મનમાં એક અદ્‌ભુત મંત્રનો આવિર્ભાવ થયો.

Every Child Matters : પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. આ મંત્રનો વિસ્તાર યુનિવર્સિટીના 'દર્શન'માં પરિણમ્યો. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં : "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારનો અવસર મળી રહે." આ મંત્ર અને દર્શનને વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર લાવવા ગુજરાતમાં દિનાંક ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ એક સંસ્થાની સ્થાપના થઈ, જેનું નામ છે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.

વર્તમાનમાં યુનિવર્સિટી દ્વારા કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહના સબળ નેતૃત્વ તળે 'તપોવન કેન્દ્ર', 'શિશુ પરામર્શન કેન્દ્ર', વિદ્યાનિકેતન જેવા અનેકવિધ પ્રકલ્પો પર કાર્ય થઈ રહ્યું છે. બાળવિકાસને લગતા શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ એમ ચારેય આયામોમાં સમગ્રતાથી યુનિવર્સિટી કામ કરે છે, જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી શરૂ કરી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને પ્રત્યેક બાળકને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે.

કેટલાક ઉચ્ચસ્તરીય અભ્યાસક્રમો અગાઉથી ચાલી રહ્યા હતા તેમાં વર્ષ ૨૦૨૦થી અનેક આયામો અને અભ્યાસક્રમો ઉમેરાતા યુનિવર્સિટી દ્વારા સાત સ્કૂલ્સ અંતર્ગત છત્રીસ જેટલા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. પીએચ.ડી.થી માંડીને સર્ટિફિકેટ કોર્સ સુધીના આ અભ્યાસક્રમો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આગવી ઓળખ ઊભી કરે છે.

ગુજરાતી વિભાગનું દર્શન :

- માતૃભાષા એ કોઈ પણ વ્યક્તિની જ્ઞાનચેતનાનો મૂળ આધાર છે. તેથી ગુજરાતી કુટુંબના પ્રત્યેક બાળકને તેની બાલ્યાવસ્થાથી જ સબળ અને સક્ષમ રીતે માતૃભાષાનું શિક્ષણ મળી રહે તે માટે આ યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ પ્રતિબદ્ધ છે.
- ક્ષતિરહિત ઉત્તમ પુસ્તકો અને ઉત્તમ જ્ઞાનવર્ધક સામગ્રીનું સંપાદન અને પ્રકાશન કરી બાળકોને તે ઉપલબ્ધ કરાવવામાં આ યુનિવર્સિટી નિમિત્ત બનશે.
- જે તે ભાષા સાથે તેનો સાંસ્કૃતિક વારસો પણ અવિનાભાવે સંકળાયેલો હોય છે. તેથી ગુજરાતી ભાષાના જતન નિમિત્તે તેનો સાહિત્યિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક વારસો ભાવિ પેઢીમાં સંક્રાન્ત થાય તેવા ધીર-ગંભીર પ્રયત્નો આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- સ્વ-ભાષા પરત્વે ગુજરાતી સમાજમાં ઘટી રહેલી લોકનિષ્ઠાને પુનઃપ્રતિષ્ઠિત કરવાના તમામ પ્રયત્નો આ વિભાગ તરફથી કરવામાં આવે છે.
- બાળકનું પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ ગુજરાતી માધ્યમમાં જ થાય કે જેથી વ્યક્તિ અને ભાષા એકબીજાના વિકાસમાં પૂરક બની રહે તે માટે સામાજિક ચેતના જાગૃત કરવાનું કામ યુનિવર્સિટી કક્ષાએ થાય છે.